GJJN080006252026

દાખલ તારીખ	૧૪–૦૫–૨૦૨૬
રજીસ્ટર તારીખ	૧૪–૦૫–૨૦૨૬
ફેસલ તારીખ	૨૦–૦૭–૨૦૨૬
સમયગાળો	વર્ષ–માસ–દિવસ
	૦૦ ૦૨ ૦૬

મે.કેશોદના એડી.ચીફ જ્યુડી.મેજી. સાહેબ ની કોર્ટ સમક્ષ, મુ.કેશોદ.

ફો.પરચુ. અરજી નં.૬૮/૨૦૨૬
આંક:

અરજદાર :–

હેરભા પિયુષકુમાર નાઝાભાઇ,
ઉ.વ.આ.૩૪, ધંધો–પ્રા.નોકરી,
મુ. પ્રાસલી. તા.કેશોદ.

વિ રૂ દ્ધ

સામાવાળા :–

કેશોદ પોલીસ સ્ટેશન (સાઈબર ક્રાઇમ)

બાબતઃ– બી.એન.એસ.ની કલમ–૪૯૭ અને ૫૦૩ મુજબ ફ્રીઝ થયેલ રકમ પરત કરવા અંગે

અરજદાર તરફેઃ – વિ.વ.શ્રી એમ.ડી.હિન્ડોચા.
સામાવાળા તરફેઃ – વિ.એ.પી.પી.શ્રી/ત.ક.અમલદાર

:: જ જ મે ન્ટ ::

(૧) અરજીની સંક્ષીપ્ત હકીકત એવી છે કે, હાલની અરજી અરજદારે બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ અને ૫૦૩ મુજબ ફ્રીઝ થયલ રકમ પરત કરવા અંગે લાવેલ છે અને જણાવેલ છે કે, અરજદાર કેશોદ તાલુકાના પ્રાસીલ મુકામે રહે છે અને પ્રાઈવેટ નોકરી કરે છે. અરજદાર/ફરીયાદી એચ.ડી.એફ.સી.બેંક જુનાગઢ

શાખામા ખાતુ ધરાવે છે અને તેઓના ખાતા નં. ૫૦૧૦૦૧૯૫૨૩૬૫૫૮ ધરાવે છે અને આ ખાતામા ગુગલ પે મોબાઈલ નંબર ૯૭૨૩૨૩૬૦૮૧ ધરાવે છે અને ફરીયાદીને મોબાઈલ નંબર ૯૭૨૩૨૩૬૦૮૧ થી ફોન આવતા એવુ જણાવેલ કે તેઓને ૮૩૦૬૫૧૦૬૭૨ વોટસ કોલ આવતા ફરીયાદીને કહેલ કે તેઓ ૧૫૦૦૦/– ઈન્વેસ્ટ કરવાથી સારા ટકા રીર્ટન મળી શકશે ત્યારે તેઓ ફરીયાદીએ પ્રથમ ૫૦૦૦/– તા. ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ કર્તા યુ.પી.આઈ નં.૯૦૨૪૮૨૧૮૪૭ @nyes ઈન્વેટસ ના નામે જમા કરાવેલ ત્યારબાદ ફરી વખત રૂ..૧૦૦૦/– તા.૧૭/૧૧/૨૦૨૫ યુ.પી.આઇ. ટ્રાન્જેકશન નં.1142679747748 ID ROTAS II MAEENA PHOPAY 6375465130KFED@YBL તા.૧૭/૧૧/૨૦૨૫ કપાત ગયેલ હતા. ત્યારબાદ રૂ.૯,૦૦૦/– યુ.પી.આઇ. ટાન્ઝેકશન નં. 114268590223 ID RAMDEVMEENA 9587498462@PTSI તા.૧૭/૧૧/૨૦૨૫ કપાય ગયેલ.

વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ યુ.પી.આઈ. ટ્રાન્ઝેકશન નં.532109867182 ID MANBHAR DEVI MEENARISHI8871@AXL તા. ૧૭/૧૧/૨૦૨૫ મા રૂ.૨૧૨૨૪ જી.એસ.ટી.ના નામે રૂપીયા ભરપાઈ કરાવેલ હતા. ત્યારબાદ રૂ.૩૨૮૭૨/૮૯ યુ.પી.આઈ. ટ્રાન્ઝેકશન નં.532175966805 ID MANBHAR DEVI MEENARISHI8871@AXL તા.૧૭/૧૧/૨૦૨૫ જે એકાઉન્ટ વેરીફીકેશનના નામે મા રૂ. ૩૨૮૭૨/૮૯ ભરપાઈ કરાવેલ હતા. જે કુલ રકમ રૂ.૬૯૦૯૬/૮૯ તેઓના ખાતામા ફોડ થયેલ છે. જે ફરીયાદ તા.૧૭/૧૧/૨૦૨૫ ના ઓનલાઈન ફરીયાદ આપેલ હતી. ત્યારબાદ ફરીયાદીએ તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ અરજી આપેલ હતી.

વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ સાઈબર ક્રાઈમ દ્વારા તપાસ કર્તા તા.૧૭/૧૧/૨૦૨૫ ના રૂ. ૧૩૮૦/૮૦ બેક ઓફ બરોડા, તા. ૧૭/૧૧/૨૦૨૫ રૂ. ૧૪૯૯/૯૦ ઈન્ડીયન બેક તા. ૧૭/૧૧/૨૦૨૫ ના રૂ. ૧૨૨૪/સ્ટેટ બેક ઓફ ઈન્ડીયા,રૂ.૯૦૦/–બેક ઓફ બરોડા, રૂ. ૧૦૧/ બેક ઓફ બરોડા,ત્યારબાદ તા.૧૮/૧૧/૨૦૨૫ રૂ. ૧૦૦૦/– પંજાબ નેશનલ બેક, રૂ. ૨૦૯૯૭/– JIO

PAYMENTS BANK LTD તા. ૧૮/૧૧/૨૦૨૫ ના રૂ.૨૦૦૦/- એચ.ડી.એફ.સી.બેક,રૂા. ૧૦૦૦/-એચ.ડી.એફ.સી.બેક જે કુલ રકમ રૂા. ૩૦૧૦૨/૭ સાઈબ ક્રાઈમ દ્ધારા હોલ્ડ કરેલ છે. ફરીયાદીની કુલ રકમ રૂા. ૬૯૦૯૬/૮૯ ફ્રોડ થયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર/ફરીયાદી ઉપરની તેઓની એચ.ડી.એફ.સી.બેકમાંથી રૂા.૬૯૦૯૬/૮૯ સાઈબર ક્રાઈમમા ફરીયાદ કરતા તેઓ દ્ધારા રૂા. ૩૦૧૦૨/૭ સીઝ કરેલ રકમ તેઓને અંગત જરૂરીયાત માટે જરૂરી હોય સદરહુ રકમ ખુબજ મોટી હોય જેનાથી તેઓનો અંગત વ્યવહારમા નુકશાની થાય આ કામની ટ્રાયલ ચાલતા ઘણો લાબો સમય લાગે તેમ હોય જેના કારણે સદરહુ રકમ અરજદારને ફ્રીઝ થયેલ રકમ આપવામા આવે તો નામદાર કોર્ટ જે જે શરતો રાખશે તે તમામ શરતો તેઓ અમલ કરીશે જેની આથી ખાત્રી આપી સબબ આ અરજી લાવી દાદ માગેલ છે કે, આ કામમા અરજદાર/ફરીયાદીના એચ.ડી.એફ.સી બેક એકાઉન્ટ માથી ઉપર મુજબની વિગત કુલ રૂા. ૬૯૦૯૬/૮૯ જે જુદી જુદી બેકમા સાઈબર ક્રાઈમ દ્ધારા ફ્રીઝ થયેલ રકમ રૂા.૩૦૧૦૨/૭ અરજદારને ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા આ અરજીને આનુસંગીક મળી શકતી બીજી તમામ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

(૧.૧) વધુમાં અરજદારે તેમની અરજીના સમર્થનમાં આંક-૩ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી માર્ક-૩/૧ થી ૩/૪ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલ છે. જેમાં માર્ક-૩/૧ થી અરજદારે સાઈબર ક્રાઈમમાં કરેલ ફરિયાદ અરજી, માર્ક-૩/૨ થી અરજદારનું એચ.ડી.એફ.સી. બેંક-જૂનાગઢનું બેન્ક સ્ટેટમેન્ટ, માર્ક-૩/૩ થી સાઈબર ક્રાઈમ દ્ધારા કરવામાં આવેલ સીંઝની રકમનું સ્ટેટમેન્ટ તથા માર્ક-૩/૪ થી અરજદારના આધારાકાર્ડની નકલ રજૂ રાખેલ છે. જે દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામાં આવેલ છે.

(૨) અરજદારની અરજી અન્વયે આ કામના પોલીસ અભિપ્રાય મંગાવવામાં આવેલ છે. જે અભિપ્રાય મુજબ અરજદારની અરજીની હકીકત મુજબ અરજદારની ફરિયાદના આધારે પોલીસે મુદ્દામાલ રકમ સીઝ કરાવેલ હોવાની હકીકતને સમર્થન આપી આ કામે

આજદીન સુધી કોઈ એફ.આઈ.આર. નોંધાયેલ ન હોવાનું જણાવી, તેઓ સમક્ષ આજદીન સુધી સીઝ થયેલ રકમ વાળું બેંક એકાઉન્ટ સીઝ થયા અંગે ખાતા ધારક કે અન્ય કોઈ વ્યક્તિએ કોઈ વાંધો તકરાર લીધેલ ન હોવાનું જણાવેલ છે તેમજ વધુમાં જણાવેલ છે કે, હાલના અરજગદારશ્રી PIYUSHKUMAR NAJABHAI HERBHA MO. 9723236081 રહે. કેશોદ, જી. જુનાગઢ (પીન ૩૬૨૨૨૦) નાઓ સાથે સાયબર ક્રાઈમ અંતર્ગત ફાઈનાન્સિયલ ફ્રોડનો બનાવ બનેલ હતો. જેમાં અરજદારના બેંક ખાતા માંથી IMPS / UPI માધ્યમે રૂ. ઉપાડી / મેળવી લીધા હતા. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર ઉપરોક્ત ONLINE છેતરપીંડી / બ્લેકમેઈલ કરી કુલ રૂ. 69,096.89/- IMPS / UPI માધ્યમે ઉપાડી / મેળવી લીધા હતા. આ રકમ માંથી સામાવાળાના બેંક ખાતાઓ PUNJAB NATIONAL BANK A/C NO.-TRA. DATE-TRAN. AMOUNT-HOLD/LIEN/DISPUTED 7269008700000443-18/11/2025-25107-1000, HDFC BANK A/C NO. - TRA. DATE-TRAN.AMOUNT-HOLD/LIEN/DISPUTED 50100758894996-17/11/2025-2000-2000 50100758894996-17/11/2025-1000-1000, INDIAN BANK A/C NO. - TRA. DATE-TRAN, AMOUNT-HOLD/LIEN/DISPUTED 7740860009-17/11/2025-1500-1499, STATE BANK OF INDIA A/C NO. - TRA. DATE-TRAN, AMOUNT-HOLD/LIEN/DISPUTED 61154836874-17/11/2025-3900-1224, JIO PAYMENTS BANK A/C NO.-TRA. DATE-TRAN. AMOUNT-HOLD/LIEN/DISPUTED 002821712 863585-17/11/2025-20996-20997, BANK OF BARODA A/C NO. - TRA, DATE-TRAN, AMOUNT - HOLD/LIEN/DISPUTED 13910100017211-17/11/2025-7500-1380, 13910100017211-17/11/2025-1000-900 મુજબ અલગ-અલગ બેંક ખાતાઓમાં ગયેલ હોઈ તેમાં અરજદારશ્રીના જમા થયેલ અન્યવે હોલ્ડ/લીન/ડીમ્પ્યુટેડ રકમો ઉપર મુજબ હોય જે તપાસ દરમ્યાન જણાઈ આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ અરજદારની ઓનલાઈન ફરીયાદ તારીખ 17/11/2025 ના રોજ ના એક્લોનોલેજમેન્ટ નંબર 31111250235523 અનુસંધાને આગળની કાર્યવાહી કરેલ જેના આધારે સાયબર ક્રાઇમ સેલ સી.આઇ.ડી. ક્રાઇમ / અત્રેના પોલીસ સ્ટેશન દ્વારા અરજદારના ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણાના પુરાવાઓ અરજદારશ્રી નાઓએ રજુ કરેલ હતા જેના આધારે સામાવાળા શંકાસ્પદ બેંક ખાતા / ખાતાઓમાં ગયેલ રકમની તપાસ કરતા તેમાં આ રકમની જમા એન્ટ્રીઓ મળી આવતા આ રૂપિયાને BNSS (ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023) ની કલમ 94 અને 106 (CRPC 91 અને 102) મુજબ લીન /હોલ્ડ / ફ્રીઝ કરાવવામાં છે. જેથી આ ઉપરોક્ત લીન/હોલ્ડ/ફ્રીઝ/સામેવાળાના બેંક ખાતામાં જમા થયેલ રકમ/રૂપિયા અરજદારશ્રીના હોવાથી તેઓને જણાવેલ બેંક ખાતામાં પરત અપાવવા તેમનો અભિપ્રાય આપેલ છે.

(૩) સદર કામે અરજી સાથે રજૂ કરવામાં આવેલ બેંક પેપર્સની નકલ ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અમલદાર દ્રારા રજુ કરવામા આવેલ અભિપ્રાય તથા તેને લગત કાગળો ધ્યાને લેતા અરજદારના અરજીમાં જણાવ્યા મુજબના ખાતામાંથી નાણાં ઉપડી ગયેલ હોવાનું તથા શંકાસ્પદ બેંકના ખાતામાં ટ્રાન્સફર થયાનું હાલના તબકકે સ્પષ્ટ જણાઈ આવે છે. તદઉપરાંત રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતા હાલના કામે આજદિન સુધી કોઈ એફ.આઈ.આર. થયેલ હોય કે હાલના કામે કોઈની ધરપકડ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતુ નથી તેમજ બનાવ બન્યે આટલો લાંબો સમય પસાર થયેલ હોવા છતાં આજદિન સુધી અરજદાર સિવાય અન્ય કોઈ એ સદર નાણાંની અત્રેની અદાલત સમક્ષ માંગણી કરતી કોઈ અરજી કરેલ નથી. તદઉપરાંત તપાસકરનાર અમલદાર નો અભિપ્રાય ધ્યાને લેતા તેઓ સમક્ષ પણ કોઈએ આ નાણાંની માંગણી કરેલ હોય તેમ જણાતું નથી તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા સદરહું ખાતુ સીઝ કર્યા બાદ ખાતેદાર અથવા તો અન્ય કોઈ વ્યકિત ખાતુ સીઝ કર્યા બાબતે તેઓ (પોલીસ) સમક્ષ કોઈ વાંધા તકરાર લીધેલ નથી જેથી

તપાસ કરનાર અમલદાર દ્રારા સદર નાણાં અરજદારશ્રીને પરત આપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જેથી અરજદાર સદર નાણાંનો કબજો મેળવવા હકકદાર હોવાનું સદર અદાલતનું માનવું છે.

આ તબકકે સદર નાણા પરત આપવા બાબતે અત્રેની અદાલતની સત્તા હકુમત જોતા ***બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭*** માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે–

497.Procedure by police upon seizure of property.

1) *Whenever the seizure of property by any police officer is reported to a Magistrate under the provisions of Code, and such property is not produced before a Criminal Court during an inquiry or trial, the Magistrate may make such order as he thinks fit respecting the disposal of such property or the delivary to the person entitled to the possession there of, or if such person cannot be ascertained. respecting the custody and production of such property.*

2) *If the person so entitled is known, the Magistrate may order the property to be delivered to him on such conditions (if any) as the Magistrate thinks fit and if such person is unknown, the Magistrate may detain it and sall, in such case, issue a proclamation specifying the articles of which such property consists, and requiring any person who may have a claim there to, to appear before him and establish his claim within six months the date of such proclamation.*

આમ, ***બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭(૧)*** માં જણાવ્યા મુજબ કોઈપણ પોલીસ અધિકારી ધ્વારા મિલકતની જપ્તીની જાણ મેજીસ્ટ્રેટને કરવામાં આવે અને તપાસ દરમ્યાન આવી મિલકત અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ ન હોય ત્યારે મેજીસ્ટ્રેટને આવી મિલકતના નિકાલ અથવા તો કબ્જા બાબતે યોગ્ય લાગે તેવો

હુકમ કરવાની સત્તા આપવામાં આવે છે. તદઉપરાંત નીચે ઘ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિરૂઘ્ઘ તપન ડી.નીયોજ તથા ભાવેશભાઈ મોદી વિ. ઘ સ્ટેટ ઓફ ગુજરાત ના ચુકાદાઓ ઘ્યાને લેતા.

In the matter between state of Maharashtra Vs D Neogy, Honorable Supreme Court of India has held bank account of the accused or any of his relation is property within the meaning of section 106 of the BNSS and a police officer in course of investigation can seize or prohibit the operation of the bank account if such assets direct link with the commission of the offence for wich the police officer is investigating into.*

And decide an application file by the accused or any person who is relative of the accused to decrease the account.

The state of Maharashtra versus Tapas D Neogy, criminal application 947/1999 of Hon'ble Supreme Court of India will indirectly says that, magistrate has power under section 497 of BNSS.

In the matter between Bhavesh Bhai Dahyabhai Modi vs state of Gujarat, special criminal application no. 196/2017, Honble Gujarat High Court has referred the judgement of Honorable Delhi High Court in the case of Ms Swaran Sabharwal Vs. commissioner of police reported in 1988 criminal law general 241(1).

આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ સદર કેસની તમામ હકીકતલ સંજોગો તથા રજુ દસ્તાવેજો ઘ્યાને લેતા સદર નાણા બેંકમાં જમા હોય તેથી સદર રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થીત થતો નથી તેમજ ભવિષ્યે પણ ફ્રીઝ થયેલ મુદ્દામાલ બાબતે કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થીત થાય તેમ નથી. ઉપર જણાવેલ કારણોસર હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

:: હુ ક મ ::

૧. અરજદાર હેરભા પિયુષકુમાર નાઝાભાઈ ની હાલની અરજી નીચેની શરતોને આધીન **મંજુર** કરવામાં આવે છે.

૨. અરજદારે માંગણી કરેલ મદ્દામાલની કિંમતના દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો કરી આપ્યેથી મુદ્દામાલ રકમ કે જે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ઓનલાઈન ફરિયાદ એક્લોનોલેજમેન્ટ નંબર 31111250235523 અનુસંધાને અરજદાર/ફરીયાદીના સામાવાળાના બેંક ખાતાઓ PUNJAB NATIONAL BANK A/C NO.-TRA. DATE-TRAN. AMOUNT-HOLD/LIEN/DISPUTED 7269008700000443-18/11/2025-25107-1000, HDFC BANK A/C NO. - TRA. DATE-TRAN.AMOUNT-HOLD/LIEN/DISPUTED 50100758894996-17/11/2025-2000-2000 50100758894996-17/11/2025-1000-1000, INDIAN BANK A/C NO. - TRA. DATE-TRAN, AMOUNT-HOLD/LIEN/DISPUTED 7740860009-17/11/ 2025-1500-1499, STATE BANK OF INDIA A/C NO. - TRA. DATE-TRAN, AMOUNT-HOLD/LIEN/DISPUTED 61154836874-17/11/2025-3900-1224, JIO PAYMENTS BANK A/C NO.-TRA. DATE-TRAN. AMOUNT-HOLD/LIEN/DISPUTED 002821712 863585-17/11/2025-20996-20997, BANK OF BARODA A/C NO. - TRA, DATE-TRAN, AMOUNT - HOLD/LIEN/DISPUTED 139101000 17211-17/11/2025-7500-1380, 13910100017211, 17/11/ 2025-1000-900 આ ફરિયાદના આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

3. વધુમાં હુકમ કરવામાં આવે છે કે, અરજદાર ધ્વારા હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પોલીસ અધિકારી ધ્વારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેંકને કરવી તેમજ PUNJAB NATIONAL BANK, HDFC BANK, INDIAN BANK, STATE BANK OF INDIA, JIO PAYMENTS BANK, BANK OF BARODA ને હુકમ કરવામાં આવે છે કે, તેઓને પોલીસ અધિકારી ધ્વારા અરજદારે હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન–૧૦ માં અરજદાર/ફરીયાદીના સામાવાળાના PUNJAB NATIONAL BANK A/C NO.–TRA. DATE–TRAN. AMOUNT–HOLD/LIEN/DISPUTED 7269008700000443–18/11/2025–25107–1000, HDFC BANK A/C NO. – TRA. DATE–TRAN. AMOUNT–HOLD/LIEN/DISPUTED 50100758894996–17/11/2025–2000–2000 50100758894996–17/11/2025–1000–1000, INDIAN BANK A/C NO. – TRA. DATE–TRAN, AMOUNT–HOLD/LIEN/DISPUTED 7740860009–17/11/ 2025–1500–1499, STATE BANK OF INDIA A/C NO. – TRA. DATE–TRAN, AMOUNT–HOLD/LIEN/DISPUTED, 61154836874–17/11/2025–3900–1224, JIO PAYMENTS BANK A/C NO.–TRA. DATE–TRAN. AMOUNT–HOLD/LIEN/DISPUTED 002821712 863585–17/11/2025–20996–20997, BANK OF BARODA A/C NO. – TRA, DATE–TRAN, AMOUNT – HOLD/LIEN/DISPUTED 139101000 17211–17/11/2025–7500–1380, 13910100017211, 17/11/ 2025–1000–900 અરજદાર/ફરીયાદી એચ.ડી.એફ.સી.બેંક જુનાગઢ શાખાના ખાતા નં. ૫૦૧૦૦૧૯૫૨૩૬૫૫૮ માં જમા કરાવી તેની જાણ અત્રેની અદાલતને તથા સબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

૪. હુકમની જાણ કરતી યાદી પો.સ્ટેશન ને કરવી.

શરતો **:–**

૧) અત્રેની અદાલત જયારે ફરમાવે ત્યારે અરજદારે આ નાણા અદાલત સમક્ષ રજૂ કરવાના રહેશે.

૨) ઉપરોકત ખાતાધારક વ્યકિત કે અન્ય કોઈ વ્યકિત સદર નાણાં પર કલેઈમ કરે અને પોતાનો હકક/હીત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

હુકમ આજ તારીખ ૨૦ મી માહે જુલાઈ સને ૨૦૨**૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાં ચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૦ –૦૭–૨૦૨૬.
સ્થળ– કેશોદ.

(વાલજીભાઈ શાંમજીભાઈ પટેલ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
અને એડી.ચીફ. જયુડી.મેજી.કેશોદ.
(કોડ જી.જે.૦૧૪૮૪)